## (1) આત્મનિર્ભર ભારત અભિયાન વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) આ એક આર્થિક પેકેજ છે જેનું મૂલ્ય આશરે 20 લાખ કરોડ જેટલું છે.

(2) આ આર્થિક પેકેજ ભારતની GDPના 10% જેટલું મૂલ્ય ધરાવે છે.

(3) જમીન (લેન્ડ), શ્રમ (લેબર), તરલતા (લિક્વીડિટી) અને કાયદાઓ (લૉ) પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

(4) આત્મનિર્ભર ભારતમાં 5 મુખ્ય આધારસ્તંભ (પિલર) છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 20 લાખ કરોડના મૂલ્યનું આર્થિક પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનું નામ 'આત્મનિર્ભર ભારત અભિયાન' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ મૂલ્ય ભારતી વર્ષ 2019-20ની GDPના 10% જેટલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પેકેજમાં અગાઉ RBI દ્વારા કરેલી જાહેરાતો અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના પગલાંઓ ભોળવીને આ કુલ રકમ મળે છે.

⇛ પેકેજમાં આ બાબતોમાં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે :
(1) જમીન (લેન્ડ), (2) શ્રમ (લેબર), (3) તરલતા (લિક્વીડિટી), (4) કાયદાઓ (લૉ) (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આત્મનિર્ભર ભારતના મુખ્ય 5 પિલર જણાવવામાં આવેલાં છે : (1) ઈકોનોમી (અર્થતંત્ર) (2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખું) (3) સિસ્ટમ (4) ડેમોગ્રાફી (જનસંખ્યા) (5) ડિમાન્ડ (માંગ) (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) તેલીયા રૂમાલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પ્રકારની ઈકત કળા છે.

(2) તેને બનાવવા માટે માત્ર પારંપરિક હેન્ડલુમનો જ વપરાશ કરવામાં આવે છે અને કોઈ યાંત્રિક પ્રક્રિયાનો ઉપયોગ થતો નથી.

(3) તાજેતરમાં તેને GI ટેગ મળેલો છે.

(4) તેલીયા રૂમાલ એ ઝારખંડની પારંપરિક કળા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં તેલંગાણાના પ્રસિદ્ધ તેલીયા રૂમાલને **GI** ટેગ મળેલો છે. (આથી, વિધાન **(3)** સાચું છે, જ્યારે વિધાન **(4)** ખોટું છે.)

⇛ આ એક કપાસનું કાપડ છે જેમાં બારીક કારીગરી કરવામાં આવેલી હોય છે.

⇛ તે એક પ્રકારની ઈકત કળા છે જેમાં કુદરતી શાકભાજી રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. મુખ્યત્વે લાલ, સફેદ અને કાળા રંગનો ઉપયોગ થાય છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ રૂમાલની અજોડતા એ છે કે તેના બનાવવા માટે માત્ર પારંપરિક હેન્ડલુમ પ્રક્રિયાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને કોઈપણ યાંત્રિક પ્રક્રિયાનો ઉપયોગ થતો નથી. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ રૂમાલનો ઉપયોગ હૈદરાબાદના નિઝામ અને તેના વંશ દ્વારા પણ કરવામાં આવતો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) વૈશ્વિક પોષણ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારત 2025 સુધીમાં પોષણને લગતાં પોતાના લક્ષ્યોને સિદ્ધ કરશે.
(2) ભારતમાં 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં સ્ટંટીંગનું પ્રમાણ 37.9% જોવા મળ્યું છે.
(3) ગ્રામ્ય વિસ્તારોમાં શહેરો કરતાં સ્ટંટીંગનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.
(4) ભારતમાં 1/5 પુખ્યતવયના લોકોમાં મેદસ્વીપણુ અને સ્થૂળતા જોવા મળે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વૈશ્વિક પોષણ રિપોર્ટ, 2020 મુજબ ભારતનો સમાવેશ એવા 88 દેશોમાં થાય છે કે જેઓ 2025 સુધીમાં પોષણને લગતાં પોતાના લક્ષ્યોને સિદ્ધ નહીં કરી શકે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ઉપરાંત કુપોષણ ક્ષેત્રે ભારતમાં ઉચ્ચા દરની ઘરેલું અસમાનતા જોવા મળે છે.

⇛ કુલ 6 માપદંડોનો આ રિપોર્ટમાં સમાવેશ થાય છે પરંતુ ભારત માટે માત્ર 4 માપદંડો કે જેની માહિતી ઉપલબ્ધ છે તેને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. ભારત આ ચારેય માપદંડોના લક્ષ્યો સિદ્ધ કરી શકશે નહીં.

⇛ એશિયમાં 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં સરેરાશ સ્ટંટીંગનું પ્રમાણ 22.7% છે જ્યારે ભારત માટે આ પ્રમાણ 37.9% છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્ટંટીંગનું પ્રમાણ આશરે 10.1% જેટલું વધુ જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં મેદસ્વીપણાં અને સ્થૂળતાના પ્રમાણ પણ વધી રહ્યાં છે. આ દ્વારા ભારતના પુખ્તવયના 1/5 લોકોને અસર થઈ રહી છે. 21.6% મહિલાઓ અને 17.8% પુરુષોમાં મેદસ્વીપણું અને સ્થૂળતા જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) વિધાનસભાના સભ્યો નીચેનામાંથી કઈ-કઈ રીતે અયોગ્ય જાહેર થઈ શકે છે ?

(1) 'ઓફિસ ઓફ પ્રોફિટ' ધરાવતાં હોય.
(2) 2 વર્ષ કે તેથી વધુ સમય માટે જેલ થઈ હોય.
(3) સામાજિક ગુનાઓ જેવાં કે દહેજ અને સતીનું આચરણ કર્યુ હોય.
(4) કોર્ટ દ્વારા અસ્વસ્થ મગજનો વ્યક્તિ જાહેર કરવામાં આવેલો હોય.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભારતમાં વિધાનસભાના સભ્યો નીચે મુજબની ગેરલાયકાતો દ્વારા વિધાનસભાના સભ્ય તરીકે અયોગ્ય ઠરી શકે છે :

- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર હેઠળ 'ઓફિસ ઓફ પ્રોફિટ' ધરાવતાં હોય. (આથી, વિધાન (1) સાચું છે.)
- કોર્ટ દ્વારા અસ્વસ્થ મગજનો વ્યક્તિ જાહેર કરવામાં આવેલો હોય. (આથી, વિધાન (4) સાચું છે.)
- નાદાર જાહેર કરવામાં આવ્યો હોય.
- ભારતનો નાગરિક ન હોય અથવા અન્ય દેશની નાગરિકતા સ્વીકારી હોય.
- કોઈપણ ગુના માટે 2 વર્ષ કે તેથી વધુની સજા થયેલી હોય પરંતુ તેમાં પ્રિવેન્ટીવ ડિટેન્શનનો સમાવેશ થતો નથી. (આથી, વિધાન (2) સાચું છે.)
- સામાજિક ગુનાઓ જેવાં કે અસ્પૃશ્યતા, સતીપ્રથા કે દહેજનું આચરણ કર્યુ હોય. (આથી, વિધાન (3) સાચું છે.)
- કેટલાંક ચૂંટણીના ગુનાઓ અથવા ચૂંટણીમાં ભ્રષ્ટ વર્તન માટે દોષી સાબીત થયેલ હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) સોહરાઈ ખોવાર ચિત્રકળા માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ચિત્રકળાને તાજેતરમાં GI ટેગ મળેલો છે.

(2) આ ચિત્રકળા આસામની પારંપરિક કળા છે.

(3) આ કળામાં ફૂલના રંગોનો ઉપયોગ મુખ્ય છે.

(4) આ એક પ્રકારની મુરાલ ચિત્રકળા છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (4) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઝારખંડની પ્રખ્યાત સોહરાઈ ખોવાર ચિત્રકળાને GI ટેગ મળેલો છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ એક પારંપરિક મુરાલ કળા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ કોઈ દીવાલ, છત કે અન્ય કાયમી સપાટી પર પ્રત્યક્ષ રીતે કરવામાં આવેલી ચિત્રકળાને મુરાલ ચિત્રકળા કહે છે.

⇛ આ કળા લણણીની ઋતુમાં અને લગ્ન સમયે સ્થાનિક આદિજાતીની મહિલાઓ દ્વારા પ્રયોજવામાં આવે છે.

⇛ મુખ્યત્વે ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં કુદરતી રીતે મળતી માટીના વિવિધ રંગોનો ઉપયોગ આ કળામાં થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ઝારખંડની મુખ્ય જાહેર ઈમારતોમાં આ ચિત્રકળા દ્વારા ચિત્રો દોરવામાં આવેલાં છે. જેમ કે, બિરસા મુંડા આંતરરાષ્ટ્રીય હવાઈમથક, રાંચી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT